જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૩/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૬૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૦૪	૦	૧૧૩૦૪	૧૭૪૨૪	૦	૧૭૪૨૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૦૭૩	૨	૨૯૦૭૫	૩૦૪૩૦	૨	૩૦૪૩૨
કુલ		૪૫૧૪૯	૨	૪૫૧૫૧	૫૪૩૫૮	૨	૫૪૩૬૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૦	૮,૩૮,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૨૬	૪,૨૬,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૬૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬૮ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૫૭ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૯૧૨/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૬૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૪૭૦/૨૦૨૧**

નવરંગપુરા : ગીરાબહેન વા/ઓ પ્રદીપભાઇ ચોકસી (ઉ.વ.૬૦)(રહે,સંજીવબાગ સોસાયટી, ન્યુ શારદા મંદીર રોડ, ડોકટર હાઉસ, પાલડી) એ તા.૧૩/૦૩/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૨/૨૦૨૧ પહેલા સી.જી.રોડ સત્કાર સ્વાગત કોમ્પ્લેક્ષ પાછળ આવેલ ગીરાબહેનની કંપનીમાં એકાઉન્ટન્ટનુ કામ સંભાળતા આરોપી (૧) દિશાંત હિમાંશુભાઇ ત્રિવેદી (રહે,માતાજીનો ખાંચો, વાડીગામ, દરિયાપુર) અને (૨) બ્રિજેશ સેગર (રહે,શેઠ આનંદજી કલ્યાણજીની ચાલી, "સી" મીલ નરોડા રોડ) એ ભેગા મળી ગીરાબહેનની કંપનીને "પરાગ કેમીકલ" નામની કંપની સાથે કોઇ વ્યવહાર ન હોવા છતા તેઓના નામનું ગીરાબહેનની કંપનીમાં ખોટુ લેઝર બનાવી, "શીતલ એન.ચોકસી" ના નામનો રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- નો ચેક આપી, તે ચેકમાં ગીરાબહેન અને તેમની પુત્રીની ખોટી સહીઓ કરી, તે ચેક સીટી બેન્કમાં ભરી ચેક કલીયર કરાવી નાણાં ઉપાડી લઇ ગીરાબહેનની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

સેટેલાઇટ : ફાલ્ગુનભાઇ દેવેન્દ્રભાઇ જોષી (રહે.જયમા સોસાયટી, અવની રો હાઉસ સામે, માનસી સર્કલ, સેટેલાઇટ) એ તા.૧૩/૦૩/૨૦૨૧ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૬ થી તા.૧૩/૩/૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અનુજ કુમાર સક્સેના (રહે.પ્રતાપનગર હલ્દીઘાટી રોડ, સાંગાનેર જયપુર રાજસ્થાન) કંપનીના જવાબદાર કર્મચારી (૨) હંસરાજ કાલરા (રહે.ભુરાજી વિહાર PRN સાઉથ જે.જે.હોટલની બાજુમા માનસરોવર જયપુર રાજસ્થાન) અને (૩) શ્યામસુન્દર રામપ્રકાશ ક્કક્ડ (રહે.દેવેન્દ્ર રેસીડન્શીયલ સ્કીમ નં.૮ ગાંધીપથ મહાદેવનગર વૈશાલીનગર જયપુર) એ ભેગા મળી ફાલ્ગુનભાઇ તથા તેમના ફર્મના ભાગીદારો સાથે "કેશ્યુ રો નટસ" (કાચા કાજુ) નો બીઝનેશ કરવાનો વિશ્વાસ આપી, બે વાર કેશ્યુ રો નટસ" (કાચા કાજુ) ના આપેલ આર્ડરના કુલ ૧૩૫ ટન કેશ્યુ રો નટસ"(કાચા કાજુ) ના કુલ રૂપિયા ૮૩,૦૩,૫૦૦/- ફાલ્ગુનભાઇ પાસેથી મેળવી લઇ, ઓર્ડર પ્રમાણે માલ નહી મોકલી, ફાલ્ગુનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

ક્રાઇમ બ્રાંચ : ચિંતનભાઇ કિશોરભાઇ ભાટીયા (રહે.રત્નાકર ફ્લેટ, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, રત્નાકર-૬ સેટેલાઇટ) એ તા.૧૩/૦૩/૨૦૨૧ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે જાન્યુઆરી/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર સ્વામી નારાયણ મંદિર રોડ, ખોડી આમલી, જી.એચ.એન્ટરપ્રાઇઝીઝ INC નામની ભાગીદાર પેઢી ખાતે આરોપી (૧) રીતેષ કેડીયા ડીરેકટર-સીટી લાઇફ રીટેઇલ પ્રાઇવેટ લીમીટેડ (રહે. બેલીગંજ પાર્ક રોડ, કોલકતા પશ્ચિમ બંગાળ) (૨) રાજેશકુમાર બૈડ (રહે.તારાચંદ દત્તા સ્ટ્રીટ, કલકતા વેસ્ટ બંગાળ) અને (૩) મનીશ કાકરાનીઆ (રહે.ક્વીંસપાર્ક પેલેસીયો ત્રીજા માળે 3B બાલીગંજ કલકતા) એ ભેગા મળી ચિંતનભાઇ તથા અન્ય વેપારીઓ સાથે તૈયાર કપડાનો વેપાર-ધંધો કરી, શરૂઆતમાં તૈયાર કાપડનાં માલનું પેમેન્ટ સમયસર ચુકવી આપી વિશ્વાસ કેળવી, ચિંતનભાઇ તથા અન્ય વેપારી પાસેથી બીજો તૈયાર કાપડનો માલ મંગાવી તમામના માલના લેણા કુલ રૂપિયા ૧,૪૮,૪૪,૦૬૩/- નહી ચુકવી, ચિંતનભાઇ તથા અન્ય વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.ગામેતી ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૪૭૧/૨૦૨૧**

ગોમતીપુર : સાજેદાબાનુ વા/ઓ રિયાઝુદ્દીન અંસારી (રહે.વાડીલાલ આઈસ ફેકટરીના કંમ્પાઉન્ડમાં, મોહનલાલની જુની ચાલીની બાજુમાં, ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૩/૨૦૨૧ ના કલાક ૩/૦૦ થી કલાક ૪/૦૦ દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાનો સેટ કિમત રૂપિયા ૪૨,૨૦૦/-, મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૨,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એચ.શેખ ચલાવે છે.

રામોલ : નિર્મળભાઇ અરૂણભાઈ વાળંદ (ઉ.વ.૨૫) (રહે. આશીર્વાદ ડ્રીમ્સ માધવ હોમ્સની પાસે, આરટીઓ રોડ, વસ્ત્રાલ રામોલ) એ તા.૧૩/૦૩/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૩/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ બુટમા મુકેલ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૭૨/૨૦૨૧**

ઓઢવ : ગૌવરીબહેન વા/ઓ વસંતસિંહ પરમાર (ઉ.વ.૨૪)(રહે.પ્રજાપતીની ચાલી ભવાનીનગર ગેટ નં.૧, ભવાનીનગરનો ટેકરો, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૩/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરની છતના પતરાના લોખંડના એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

વટવા : ધર્મેન્દ્રભાઈ કાન્તિલાલ શાહ (ઉ.વ.૫૨)(રહે.ન્યુ મહાલક્ષ્મી સોસાયટી, વટવા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૧૩/૦૩/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચેતનભાઇ હરજીભાઇ ચલાવે છે.

નારોલ : સ્મિતભાઇ શિરીષભાઇ ક્રીચ્યન (ઉ.વ.૨૬)(રહે.ઇન્દીરાનગર રાણીપુર ગામ સી.એન.આઇ ચર્ચ પાછળ, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૧૩/૦૩/૨૦૨૧ સાંજના ૬/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી